ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/ ૩૯
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખ: ૦૩/૦૯/૨૦૧૨
૧૦

## // સુધારા પરિપત્ર //

વિષયઃ— નિગમની વિતરણ બાદની નીતિમાં ઉદ્યોગકારો ધ્વારા બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરુ કરવા, ઉત્પાદન શરુ કરવા અંગેના સમયગાળાને નિશ્ચિત કરવા તથા તે અંગે થતા વિલંબ માટે નીતિ નક્કી કરવા બાબત.

સંદર્ભઃ— (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પીઓએલ/૧(૮)/૦૭, તા. ૩૧/૦૫/૨૦૦૮.
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિત/પીઓએલ/૧(૮)/૦૭/૧૯, તા. ૩૧/૦૫/૨૦૦૮.
(૩) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૧/ તા. ૨૧/૦૮/૨૦૧૨.

ઉપરોક્ત સંદર્ભ—૩ માં દર્શાવેલ પરિપત્રમાં નકશા રજુ કરવાની સમય—મર્યાદા, બાંધકામ શરુ કરવાની સમય—મર્યાદા અને ઉપયોગ/ઉત્પાદન શરુ કરવા અંગેની સમય—મર્યાદા બાબતે ઔદ્યોગિક, વાણીજય અને રહેણાંકના હેતુની મિલ્કતો ઉપર લેવાના થતા દંડ બાબતે જે ફાળવણી તા. ૧/૧/૨૦૧૨ કે તે પછી કરવામાં આવેલ હોય તેને લાગુ કરવા માટે જારી કરવામાં આવેલ. પરંતુ સદરહું બાબતે નિગમની ૪૬૭મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ ૧૦૮/બોર્ડ/૪૬૭/૨૦૧૨ માં કરવામાં આવેલ સુધારાથી અગાઉનાં ઠરાવ ક્રમાંકઃ ૮૮/વિતરણ/૪૬૬/૨૦૧૨ માં "ફાળવવામાં આવેલ" ની જગ્યાએ "કબજો સોંપ્યા તારીખ" થી તે પ્રમાણે સુધારો કરવામાં આવેલ હોવાથી ઉપરોક્ત સંદર્ભ—૩ ના પરિપત્રને જરૂરી સુધારા સાથે પુનઃ આ સાથે બિડાણ તરીકે જારી કરેલ છે.

સહી—
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક,

બિડાણ: ઉપર મુજબ.

પ્રતિ,

- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
- નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી, (એસ. એન્ડ એ.) જીઆઈડીસી, ગાંધીનગર.. તરફ સદર પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યો
જનરલ મેનેજર (ઇ એન્ડ એ)

(પાછળ)

અગાઉના પરિપત્ર **ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૧ તા.૨૧–૦૮–૨૦૧૨**. અન્વયે સુધારા પરિપત્ર **ક્રમાંકઃજીઆઈડીસી/ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧(૧૦)/૩૯ તા.૦૩–૧૦–૨૦૧૨ નું બીડાણ.**

ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧(૧૦)/
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા. /૦૯/૨૦૧૨.

## // સુધારા પરિપત્ર //

વિષય: નિગમની વિતરણ બાદની નીતિમાં ઉદ્યોગકારો ધ્વારા બાંધકામ અંગેના નકશા મંજુર કરાવવા, બાંધકામ શરૂ કરવુ, ઉત્પાદન શરૂ કરવા અંગેના સમયગાળાને નિશ્ચત કરવા તથા તે અંગે થતા વિલંબ માટે નીતિ નક્કી કરવા બાબત

સંદર્ભ: ૧) જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧(૧૦)/૨૧ તા. ૨૧/૦૮/૨૦૧૨.
૨) ૪૬૭મી સભા તા. ૦૧/૦૯/૨૦૧૨ના ઠરાવ ક્રમાંકઃ ૧૦૮/બોર્ડ/૪૬૭/૨૦૧૨,

ઉપરોકત સંદર્ભ દર્શિત પરિપત્રોમાં દર્શાવવામાં આવેલ નકશા રજૂ કરવાની અને બાંધકામ શરૂ કરવા અંગેની સમય મર્યાદા બાબતે જે નીતિ નક્કી કરવામાં આવેલ તે નીતિમાં નિગમની તા. ૧૧/૦૭/૨૦૧૨ અને તા. ૧૬/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ ૪૬૬ મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંક : ૮૮/વિતરણ/૪૬૬/૨૦૧૨ મુજબ નીચે દર્શાવેલ કોઠા મુજબ દંડકીય વ્યાજ વસુલ કરવાનું નક્કી કરવામાં આવેલ પરંતુ તેમાં ફાળવણીની તારીખ ૧/૧/૨૦૧૨ થી અમલ કરવા અંગે જણાવવામાં આવેલ જેમાં ૪૬૭મી સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવ ક્રમાંકઃ ૧૦૮/બોર્ડ/૪૬૭/૨૦૧૨ થી સુધારો દાખલ કરવામાં આવેલ છે. તે નીતિ મુજબ તા. ૦૧/૦૧/૨૦૧૨ કે તે પછીથી નિગમની તમામ વસાહતોમાં જે ફાળવણીદારોને તેઓને ફાળવવામાં આવેલ ઔદ્યોગિક વાણિજય અને રહેણાંકના હેતુ માટેની મિલ્કતોનો કબજો સોંપવામાં આવેલ હોય તેવા ફાળવણીદારોના કિસ્સાઓમાં એક સરખી રીતે નીચે દર્શાવેલ કોઠા મુજબની સમય–મર્યાદાઓ તેમજ વિલંબના તેની સામે દર્શાવેલ દરે ઉદ્યોગકારો પાસેથી દંડ વસુલ કરવાનો રહેશે.

| પ્લોટ/શેડ વિસ્તાર (ચોમી) | નકશા રજુ કરવાની સમય મર્યાદા | | બાંધકામ શરૂ કરવા અંગે | | ઉપયોગ/ઉત્પાદન શરૂ કરવા અંગે | |
|---|---|---|---|---|---|---|
| | સમય મર્યાદા (કબજો સોંપ્યા તારીખથી) | વિલંબીત સમય માટે દંડ (ચોમી/મહીના) રૂપિયામાં | સમય મર્યાદા (કબજો સોંપ્યા તારીખથી) | વિલંબીત સમય માટે દંડ (ચોમી/મહીના) રૂપિયામાં | સમય મર્યાદા (કબજો સોંપ્યા તારીખથી) | વિલંબીત સમય માટે દંડ પ્રવર્તમાન વિતરણ કિંમત ઉપર નીચે મુજબ ટકા |
| ૨૦૦૦૦ સુધી | ૬ મહીના | ૦.૭૫ | ૧૨ મહિના અથવા નકશા મંજુર થયેથી બે મહિના બેમાંથી જે મોડુ હોય તે. | ૦.૭૫ | ૨૪ મહીના | 3% |
| ૨૦૦૦૧ થી ૫૦૦૦૦ | ૮ મહીના | ૦.૭૫ | ૧૫ મહીના અથવા નકશા મંજુર થયેથી બે મહિના બેમાંથી જે મોડુ હોય તે. | ૦.૭૫ | ૩૦ મહીના | 3% |
| ૫૦૦૦૧ થી ૧૦૦૦૦૦ | ૧૦ મહીના | ૦.૭૫ | ૧૮ મહીના અથવા નકશા મંજુર થયેથી બે મહિના બેમાંથી જે મોડુ હોય તે. | ૦.૭૫ | ૩૬ મહીના | 3% |
| ૧૦૦૦૦૦ થી વધારે | ૧૨ મહીના | ૦.૭૫ | ૨૧ મહીના અથવા નકશા મંજુર થયેથી બે મહિના બેમાંથી જે મોડુ હોય તે. | ૦.૭૫ | ૪૮ મહીના | 3% |

જો કોઈ કિસ્સામાં કોઈ ફાળવણીદારને ઔદ્યોગિક/વાણીજયીક કે રહેણાંકનાં પ્લોટની ફાળવણી તા. ૧/૧/૨૦૧૨ કે તે પછી કરવામાં આવી હોય અને પ્રવર્તમાન નીતિ મુજબ તેઓએ વિલંબીત નકશા રજુ કરવા અથવા વિલંબીત બાંધકામ શરૂ કરવા સબબ કોઈ પણ દંડકીય રકમ નિગમને ચૂકવેલ હોય તો તે પરત કરવાની રહેશે નહિ. આ અંગેના નિર્ણય માટે ઉપા. અને વ.સં.શ્રીની પૂર્ણ મંજૂરી લેવાની રહેશે.

આ પરિપત્રનો ચુસ્તપણે અમલ તાત્કાલિક અસરથી કરવાનો રહેશે તથા પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી ના નામજોગ પાઠવવી.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

⇒ નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ
⇒ નિગમની તમામ વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળોના પ્રમુખશ્રીઓ તરફ જાણ સારૂ.
⇒ મેનેજરશ્રી (એસ.એન્ડએ.),જીઆઈડીસી,ગાંધીનગર તરફ સદર પરિપત્ર વેબસાઈટ ઉપર મુકવા સારૂ.